# વાયડામિત્ર

VAYVASET
Connecting mutual strengths

વર્ષ : ૧૦૩ ફેબ્રુઆરી - ૨૦૨૫ અંક : ૨
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57




PAINTER - MARGEE SHAH | PAINTING STYLE - MATA NI PACHHEDI

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

## ફેબ્રુઆરી ૨૦૨૫, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૩, અંક-૨

VAYVASET Connecting mutual strengths

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી-૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા-જગતપુર રોડ, અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭ Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ (સાંજે ૭.૦૦ પછી) ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-વાર્ષિક(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY



## એક પત્ર ઈશ્વરને.....

paperless ને touch screen ના આ યુગમાં,
હે ઈશ્વર, તને પત્ર લખી રહ્યો છું,
મંદિર-મસ્જિદ કે ગુરુદ્વારાનું સરનામું લખું,
કે પછી...
'સૌના હૃદયમાં' એવું મથાળું લખું !
ઈર્ષા તો આવે જ છે તારા અઢળક ધનની,
છે તારે કોઈ ખર્ચ હરવા - ફરવા - ઓઢવાનો ?
ક્યાંક દયા-દાનની ગંગા વહે ત્યારે,
તેના હૃદયમાં તું વસે છે એટલું સમજાય છે !
વકરો એટલો નફો જ નફો તારે તો,
ઈન્કમટેક્સ વાળા કે સરકારી બાબુઓ પણ તારા ચરણે ઢળે,
કેવો રૂઆબ છે તારો !

સાંભળ્યું છે કે ૩૩ કરોડ દેવી-દેવતાઓ છે,
તમારામાં પણ સ્પર્ધા છે હોં કે !
તું કહે છે, હું એક જ છું, રૂપ જુદા છે,
તો પછી ભક્તોમાં આટલું ધર્મ ઝનૂન શા માટે ?

તારા કુશલ-મંગલ તો પૂછવું જ ભૂલી ગયો,
પણ એક વાત કહું ?
રોજ રોજના આજીજી-ઘંટનાદથી બહેરાશ તો નથી આવી ને ?
ભક્તોની ભીડમાં તારું કાર્ય ક્યારે કરે છે ?
૩૨ પકવાન અને ૫૬ ભોગ આરોગી ને,
કદાચ તારે હૉસ્પિટલમાં દાખલ થવું પડે,
તો કોર્પોરેટ હૉસ્પિટલમાં જ જાજે,
કારણ, તારે mediclaim છે ને !

જો તો ખરો,
કેટલી નીત-નવીન વિડીયો ગેમ આવી,
અને તું હજુ, જૂની ચોપાટની રમતમાં જ ઉલઝેલો છે !
આજના કળિયુગમાં લક્ષ્મીજી તો,
ખોટું કામ કરનારના ત્યાં પણ દેખાય છે,
ગ્રંથો કહે છે, તું નવો અવતાર લેવાનો છે,
એકલે હાથે કેવી રીતે 'સાફ-સફાઈ' કરીશ ?
તને યાદ કરું છું રોજ, પણ...
નથી તારી પાસે mobile કે,
નથી social media પર એકાઉન્ટ,
ભક્તો તને થોડોક સમય ફુરસદ આપે તો,
પત્રનો જવાબ આપજે,
એક વખત તો તું રૂબરૂ મળવા આવીશ ને ?
આવે તો સખા ભાવે આવજે,
મારા હાથ સદાય લંબાયેલા જ રહેશે !
પણ હમણાં રૂબરૂ મળવાની ઉતાવળ ન કરીશ,
કારણ, મારે ઘણા બધા ઈશ્વરને પત્ર લખવાનો છે !

**- ડો. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭**





## સહેજ સાવ અમથું

મેં તો બસ આંગળી બોળી અમથી જરી,
લાગલું લાગ્યું જાણે ગયો હું આખો તરી !
મેં તો ખાલી અમથી સૂંઘી'તી ફૂલછાબ,
પમરાટ અંતરતમ, થ્યું 'દિલડું બાગબાગ !
મેં તો હથેળી ખોબે લીધી અંજલિ એક,
ઊમટ્યો દરિયો હોંશે, નમી સાવ છેક !
મેં જરીક આંખ ખોલી જોવા તેજ લગાર,
છાયો અઢળક પારાવાર તેજનો અંબાર !

– કમલ ક. શાહ

---



મુઠ્ઠી ભરીને માટીની મહેંક
ખિસ્સુ ભરીને આશા-ઉલ્લાસ
ફેફસાં ભરીને ચેતનાનું શ્વસન
મન ભરીને દિવ્યતાનો આનંદ
અસીમ સંતોષ, ઝળહળતું અંતર
ને પ્રાર્થનામય હૃદય !

– જગદીશ પરીખ

# માતાની પછેડી - ચિત્રશૈલી



## કવર સ્ટોરી

દક્ષિણ ભારતમાં પ્રસિદ્ધ એવી કલમકારી જોડેની સામ્યતાને કારણે "માતાની પછેડી"ને 'ગુજરાતની કલમકારી' તરીકે પણ ઓળખવામાં આવે છે. "માતાની પછેડી"એ દેવીપૂજક સમુદાયની ધાર્મિક ભાવનાઓને વ્યક્ત કરતી અને લુપ્ત થતી એક હસ્તકલા છે. આ કળાના મુખ્ય વિષય તરીકે દેવી દુર્ગાના અવતાર હોય છે. દેવીપૂજક સમુદાયને ઘણા વર્ષો સુધી મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ હતો. પરિણામે તેઓએ તેમની કલાત્મક અભિવ્યક્તિનો ઉપયોગ કર્યો જેણે આ હસ્તકળાને જન્મ આપ્યો જેનો ઉપયોગ તે સમયે તેમના માટે દેવીની પૂજા કરવા માટે કરવામાં આવતો હતો.

પછેડી બનાવવી, એ એક લાંબી અને જટિલ પ્રક્રિયા છે. તેમાં કોટનનું કાપડ, કુદરતી રંગો, વાંસની લાકડીઓ(કલમ બનાવવા), લાકડાના તૈયાર કોતરણીવાળા બીબા (બ્લોક્સ) અને પછેડીને રંગવાની પ્રક્રિયા માટે આમલીના બીજનો પાવડર (કચુકા), ફટકડી, અલીઝારિન, ધ્વાડાના ફૂલ, કાળો રંગ, ગોળ, લોખંડના કાટનો ઉપયોગ થાય છે. હવે, ભારતમાં માત્ર ત્રણ પરિવારો જ બચ્યા છે, જે આ ધાર્મિક ચિત્રશૈલી બનાવે છે. તેઓએ સમય સાથે તેમની તકનીકો અને ભાતમાં ઘણો સુધારો કર્યો છે.

"માતા ની પછેડી"માં કલમકારી તકનીક અને લાકડાના બ્લોક પ્રિન્ટિંગ એ બે પદ્ધતિ છે. પછેડીની કિનારી અને કેટલીક આકૃતિઓ સામાન્ય રીતે બ્લોક પ્રિન્ટેડ હોય છે. જ્યારે દેવીઓ (માતા) સામાન્ય રીતે જાતે દોરવામાં આવે છે. પહેલાના સમયમાં પછેડી સંપૂર્ણ હાથેથી જ બનાવવામાં આવતી હતી. દોરવામાં આવતી કલાકૃતિ મોટે ભાગે સમય દરમયાન સમાન જ રહી છે. સમય સાથે કલાકૃતિની માંગ બદલાઈ રહી છે. જેથી દેવી (માતા) સિવાય પણ સૂર્ય, વૃક્ષ, પ્રાણીઓ વગેરે જેવી અન્ય ભાતોનો પણ ઉપયોગ થાય છે.

આ લુપ્ત થતી કળાને શીખવાનો એક અવસર મને પ્રાપ્ત થયેલ અને તે દરમ્યાન બનાવેલ એક કલાકૃતિ અહીં મુખપૃષ્ઠ પર પ્રસિદ્ધ કરેલ છે.

**– Ar. Margee Shah (Architect | Planner | Artist)**

# ઉચ્ચ જીવન



'Theosophy in Everyday Life' એ પુસ્તક વિદેશમાં ખૂબ પ્રસિદ્ધ થયું. ભારતમાં ઉચ્ચજીવન નામે ૬૦ વર્ષ પહેલાં શ્રી મણિલાલ નથ્થુરામ ત્રિવેદીએ તેનું ભાષાંતર કર્યું. ત્યારબાદ ડૉ. હરિપ્રસાદ દેસાઈએ તેમાં સુધારાવધારા કર્યા. તેની ૨૯ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ. તે પુસ્તકના આધારે શ્રી હર્ષદ જીવણલાલ શાહે અખંડ આનંદના સને ૨૦૨૪ના દીપોત્સવી અંકમાં લેખ લખ્યો. તેમાંથી થોડાંક મુદ્દા લઈ આ નોંધ તૈયાર કરી છે.

સાત મુદ્દામાં આ વાત મૂકીશું. દરરોજ સાત મુદ્દા વાંચવા પરંતુ એક પર વિશેષ ધ્યાન કરી અમલ કરવો.

૧. સવારે વહેલા ઉઠવું. પ્રભુને પ્રાર્થના કરવી કે સૌનું કલ્યાણ થાઓ. થોડો સમય ધ્યાનમાં એકાગ્રતા રાખવી. મનમાં શુદ્ધ અને પવિત્ર વિચારો કરવા. યોગ, પ્રાણાયામ કરવા. દૈનિક પ્રવૃત્તિઓ કરવી. સાત્વિક ભોજન કરવું. સૂતા પહેલાં પ્રાર્થના કરવી. આંતરમન તપાસવું. દિવસ દરમિયાન ક્રોધ, રાગ, દ્વેષ, ઈર્ષા, લોભ કે મોહ તો કર્યા નથી ને ? ભૂલો અને દોષો માટે પશ્ચાતાપ કરો. પ્રભુની ક્ષમા માંગો. ભવિષ્યમાં ભૂલો ન કરવાના સંકલ્પ કરો.

૨. તમારી તમામ પ્રવૃત્તિઓ સમયસર કરો. ટાઈમટેબલ ગોઠવી દો. વળી સ્વચ્છતા અને સુંદરતાનો આગ્રહ રાખો. આખુ ઘર ભગવાનના મંદિર જેવું સ્વચ્છ, શોભાયમાન અને સુંદર રહેવું જોઈએ. ઘરમાં પ્રભુની અને પ્રેરણાદાયી વ્યક્તિઓની છબી રાખો. મિત્રો સાથે જ્ઞાનચર્ચામાં થોડો સમય વિતાવો. પ્રભુ એ જ પ્રેમ, સત્ય, ન્યાય, દયા અને શક્તિનું સ્વરૂપ છે તેવો વિશ્વાસ દૃઢ કરો. ખોટું કામ કરવાનો કદી વિચાર પણ ન કરો.

૩. સારાં પુસ્તકો અને સામયિકો વસાવો. તમારી દૈનિક પ્રવૃત્તિઓ માંથી થોડો સમય વાંચન માટે અવશ્ય મેળવી લો. વાર્તા, નવલકથા, ધાર્મિક સાહિત્ય, જે તમારા ચારિત્ર્યને નિર્મળ બનાવે તે જરૂરથી વાંચો. જ્ઞાની થાઓ. પણ નિરાભિમાની થાઓ. અભણ અને અજ્ઞાની પ્રત્યે પણ પ્રેમ રાખો. સહિષ્ણુ બનો.

બીજાના વિચારો સમજવા પ્રયત્નશીલ રહો. મહત્વાકાંક્ષી બનો, પરંતુ ઉચ્ચ આદર્શો રાખી તેને સિદ્ધ કરવા કોશીષ કરો.

૪. તમારું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવો. કર્તવ્ય બજાવવાથી જે સુખ મળે છે તેવું સુખ ધનથી કે સત્તાથી પણ મળતું નથી. જીવનનો મુખ્ય ઉદ્દેશ સુખી થવાનો છે. નિષ્કામભાવે કર્તવ્ય બજાવવામાં જ જીવનની પરિપૂર્ણતા છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે પણ આમ જ કહ્યું છે.

૫. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. એ ચારેયને દૈનિક જીવનમાં દરેક કાર્યમાં વણી લેવા જોઈએ. ઘરડાં થઈશું ત્યારે ધર્મ કરીશું એ માન્યતાથી દૂર રહેવું જોઈએ. આપણે ઈન્દ્રિયોની મરજી પ્રમાણે ઘસડાવાનું નથી, પરંતુ આપણી મરજી મુજબ ઈન્દ્રિયોએ કામ કરવાનું છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે આત્મસંયમની સુઝ પર ભાર મૂક્યો છે અને જણાવે છે કે આત્મસંયમની સાધના વીના સફળતા મળે જ નહીં.

૬. ધર્મની આજ્ઞાઓ, ગુરુઓના વચનો, વેદવાક્યો અને રૂઢિઓને બુદ્ધિપૂર્વક તપાસી સારા સારનો નિર્ણય કરી જીવનમાં ઉતારો. વિવેકબુદ્ધિનો ઉપયોગ કરો. વિચાર અને વર્તનની એકતા કર્યા વગર સત્યની સાધના થશે નહીં તે ધ્યાનમાં લો. સુખ અને દુઃખ જીવનમાં આવશે જ. ગમે તેવું દુઃખ જીવનમાં આવે તો પણ નીતિ અને ધર્મના માર્ગથી ચલિત ન થવું. ગીતાનો આ ઉપદેશ ધ્યાનમાં રાખવો.

૭. ધર્મ, જ્ઞાન અને ભક્તિને જીવનમાં ઉતારીએ. પ્રભુ પાસે ધન, દોલત ઇત્યાદિ ન માંગીએ, પરંતુ પ્રેમ, પવિત્રતા, સદાચાર, જ્ઞાન અને લોકસેવા કરવાની શક્તિ માંગીએ.

આ બધાથી આપણા અંતરમનને વિકસીત કરીએ. રવિન્દ્રનાથ ટાગોરની જેમ પ્રભુને પ્રાર્થના કરીએ – અંતર મમ વિકસીત કરો, અંતરતર હે. આપણાં જીવનને ઉચ્ચ જીવન બનાવીએ.

(અખંડ આનંદમાં શ્રી હર્ષદ જીવણલાલ શાહના લેખના આધારે સંક્ષિપ્ત નોંધ – આભાર સહ)

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાચડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# પરીક્ષાનું પંચામૃત



દરેક વિદ્યાર્થી માને છે કે પરીક્ષા એક પડકાર છે. પ્રત્યેક દિવસે નૂતન સમસ્યા આવવી સ્વાભાવિક છે. રોજ વિશિષ્ટ સવાલોના ઉકેલ લાવવાના સંજોગો વ્યક્તિની સમક્ષ ઉત્પન્ન થાય છે. તેમાંની એક પરિસ્થિતિ એટલે પરીક્ષા. વિદ્યાર્થીકાળમાં પ્રત્યેક વર્ષે એક વાર્ષિક અને એકથી વધુ સામયિક પરીક્ષાઓમાંથી વિદ્યાર્થીને પસાર થવું પડે છે. વિદ્યાર્થીના ઘડતરમાં પરીક્ષાનું સ્થાન અનેરું છે. વિદ્યાર્થીનો વ્યક્તિત્વવિકાસ શ્રેષ્ઠ બને તે માટે તેને વિવિધ કસોટીઓમાંથી પસાર કરવામાં આવે છે. વર્ષાન્તે તેના અભ્યાસના મૂલ્યાંકન માટે પરીક્ષા લેવામાં આવે છે. વિવિધ વ્યક્તિત્વવિકાસનાં પાસાઓને સમજવા અને મૂલવવા માટે પરીક્ષાનું આયોજન થયું હોય છે. વિદ્યાર્થીને સફળ કે નિષ્ફળ જાહેર કરવા માટે પરીક્ષા લેવામાં આવતી નથી. પહેલા સમાજમાં અને ઘર–શાળામાં તેને પાસ કે નાપાસ જાહેર કરવાની વ્યવસ્થા હતી તેને બદલે હવે તેને પુનઃ કસોટી માટે તૈયાર થવાનું સૂચવવામાં આવે છે. પરીક્ષણ વગર સત્યાર્થતા ચકાસી શકાતી ન હોવાથી તે આકરી હોય કે સહેલી પણ તેમાંથી પસાર થવું જ રહ્યું. પરીક્ષણ વિવિધ બાબતો ચકાસવા થતું હોય છે. અહીં આપણે શાળાકક્ષામાં કેળવાયેલ હોય તેવી પાંચ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

**(૧) અડગ આત્મવિશ્વાસ :** જીવનની પ્રત્યેક પરિસ્થિતિમાં સફળતા તેને જ પ્રાપ્ત થાય છે જેને પોતાના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોય. વારંવાર વિચારો બદલતો વ્યક્તિ ક્યારેય પ્રગતિના પંથે પ્રયાણ કરી શકતો નથી. એક વાર એક નિર્ણય લઈ લીધા પછી તેની પાછળ મંડ્યા રહેવાનું માત્ર પરીક્ષા જ શીખવે છે. પરીક્ષાના ત્રણ કલાક દરમ્યાન વિદ્યાર્થીએ દરેક પ્રશ્નનો કોઈ એક જ સાચો ઉત્તર વિચારીને લખવાનો હોય છે. મિત્રો, તમે તમારા નક્કી કરેલા ઉત્તર માટે અડગ

રહેજો. તમને ધીમે–ધીમે તમારો સાચો જવાબ મળી જ જશે. થોડાક મનન અને ચિંતન બાદ તમને તમારો અંતરાત્મા જે કહે તે જ ઉત્તર સાચો છે તેમ સમજી આત્મવિશ્વાસપૂર્વક લખજો. આત્મવિશ્વાસમાં વધારો થાય તે માટે તો પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

"હજારો શૂરને જીતે યોદ્ધો જે રણ આંગણે,
શ્રેષ્ઠ તો વીર એથીયે જે જીતે નિજ આત્માને."

**– વિજયશંકર કામદાર**

**(૨) પૃથ્થકરણ અને સંયોગીકરણ :** પરીક્ષાના પ્રત્યેક સવાલના જવાબો લખવા માટે મનમાં જે તે વિષયાંગનું પૃથક્કરણ અને સંયોગીકરણ કરવાની પરિસ્થિતિ ઉત્પન્ન થશે. વિદ્યાર્થીમિત્રો, તમે ધીરજથી અને શાંત ચિત્તે તમારા ઉત્તર માટે સંઘર્ષ કરજો. જુદા જુદા જવાબોમાંથી કયો જવાબ સાચો છે તે તમારે નક્કી કરવાનું છે. તમારી પરીક્ષા એટલા માટે લેવામાં આવે છે કે જીવનમાં આવતી સમસ્યાઓના તમે યોગ્ય ઉકેલ લાવી શકો. તમને ઉત્તીર્ણ કે અનઉત્તીર્ણ જાહેર કરવા માટે પરીક્ષા લેવામાં આવતી નથી. જેથી તમે શાંત ચિત્તે એકાગ્ર મનથી પરીક્ષામાં જવાબો લખજો. પરીક્ષામાં લખવાની શરૂઆત કરો તે પહેલાં તમે તમારા ઈષ્ટદેવને યાદ કરી તમારી ઉત્તરવહીમાં લખવાની શરૂઆત કરજો. ચોક્કસ જ તમે સફળતાનાં શિખરો સર કરી શકશો.

"ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દુર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય."

**– નરસિંહરાવ દિવેટીયા**

**(૩) પ્રામાણિક્તાની પગદંડી :** વિદ્યાર્થીમિત્રો, જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે ટૂંકા રસ્તાઓ ક્યારેય અપનાવશો નહીં. શરૂઆતમાં કદાચ તે રસ્તે હેતુ સિદ્ધ થઈ જાય તો પણ લાંબા ગાળે તે તમને નિષ્ફળતાની ગર્તામાં ધકેલી

દેશે. પરીક્ષા દરમ્યાન અનેક પ્રલોભનો તમારી સમક્ષ ઉપસ્થિત થશે. અપ્રામાણિકતાના રસ્તે આગળ વધનાર ક્યારેય ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકતો નથી. પ્રામાણિકતાની પગદંડી કદાચ કઠિન કે સંઘર્ષમય હોઈ શકે પરંતુ તે જ રસ્તો સાચો, યોગ્ય અને આત્મ-સન્માન ઉત્પન્ન કરનારો છે તે વાત ક્યારેય ભૂલતા નહીં. પ્રામાણિકતાનો રોટલો અપ્રામાણિકતાના પકવાન કરતાં અનેકગણો મીઠો હોય છે. તમારી સિદ્ધિને અન્યના નામે અંકિત શા માટે થવા દો છો? તમે અંત્યત શક્તિશાળી છો. તમે જાતે જ તમારી સફળતા પ્રાપ્ત કરી શકો તેમ છો તો પછી શા માટે પરીક્ષા દરમ્યાન અયોગ્ય અને અપ્રામાણિક રસ્તે આગળ વધવાનું વિચારો છો? પરીક્ષા તમને પ્રામાણિકતાની પગદંડી ઉપર ચાલવાનું શીખવવા માટે છે. માત્ર થોડાક વધુ ગુણ મેળવવા માટે કયા ખોટા રસ્તાઓ લેવા જોઈએ તે શીખવાડવા માટે નથી. "શ્રદ્ધાવિહોણી જિંદગી, જગમાં કદી ફળતી નથી." પ્રામાણિકતામાં શ્રદ્ધા રાખનાર ક્યારેય નિરાશ થતો નથી.

**(૪) સ્વાસ્થ્યની સાચવણી :** મિત્રો, વર્ષ દરમિયાન તમે સતત અને સખત મહેનત કરી જ છે. તમે નિષ્ઠાપૂર્વક અને ધ્યાનથી અભ્યાસ કર્યો છે. આ અધ્યયનનું મૂલ્યાંકન કરવા માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. આ સમયે તમારી તબિયત સંપૂર્ણ સારી રહે તે અત્યંત આવશ્યક છે. પરીક્ષાની નજીકના દિવસોમાં ખોટી દોડાદોડી કરવા જતાં ક્યારેક અકસ્માત થવાની સંભાવના રહેલી છે. રાત્રિના ઉજાગરા તમારા સ્વાસ્થ્યને માટે હાનિકારક છે. તબિયત સારી નહીં હોય તો કદાચ આવડતું પણ હશે તો પણ ભૂલાઈ જશે. આ દિવસો દરમ્યાન તમારી ખાવા-પીવાની ટેવોની પણ કાળજી રાખશો. ભૂખ્યા પેટે લાંબા સમય સુધી વાંચ્યા કરવાથી શક્ય છે તમારી તબિયત ઉપર અવળી અસર થાય. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મનનો વાસ હોય છે. આ સંજોગોમાં તમારું સ્વાસ્થ્ય બગડે નહીં તેની ખાસ કાળજી રાખશો. જરૂરી ખોરાક જરૂરથી લેજો. પરંતુ બિનજરૂરી ઉપરાછાપરી નાસ્તો, વારંવાર ચાનું સેવન અથવા વધારે પડતું ભોજન લેવાનું ટાળજો. બધું જ પ્રમાણસર હશે તો તમારું સ્વાસ્થ્ય ચોક્કસ જ જળવાઈ રહેશે.

**(૫) સાથીમિત્રોનું દબાણ ટાળજો :** તમારી સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી કેટલાક ચોક્કસ જ તમારાથી વધુ તેજસ્વી હશે. અલબત્ત, કેટલાક તમારાથી પણ અભ્યાસમાં નબળા હોવાની શક્યતા છે. આ સંજોગોમાં તમારા મિત્રો સાથે અભ્યાસ બાબતની ચર્ચા જરૂરથી કરજો. પરંતુ તમારા મિત્રોને થોડાક સવાલોના જવાબ તમારા કરતાં વધારે આવડે કે ઉત્તરો વધુ યાદ રહી ગયા હોય તો તમે નિરાશાની ગર્તામાં ધકેલાઈ જશો નહીં. સૌની યાદશક્તિ એકસરખી હોય તે શક્ય જ નથી. મિત્રોના દબાણ નીચે આવી જઈ તમે ખિન્નતા અનુભવશો નહીં. ક્યારેય માનસિક ઉદાસીનતા ન જ આવી જાય તેની ખાસ કાળજી રાખશો. આ મન:સ્થિતિ તમારા ઉત્સાહમાં ભંગ કરવાની છે. માટે સતત ખુશ રહી, 'મારું પેપર સારું જ જવાનું છે' તેવી માનસિક સ્થિતિ રાખી પરીક્ષા આપવા ઉત્સાહપૂર્વક પરીક્ષામાં ધીરજપૂર્વક અને એકચિતે આપેલા ઉત્તરો જ ઉચ્ચ ગુણપ્રાપ્તિનો રસ્તો છે.

**"ધીરજ એટલે રાહ જોવાની ક્ષમતા નહીં, પણ રાહ જોતી વખતે સ્વભાવને કાબૂમાં રાખવાની ક્ષમતા."**

પંચામૃતમાં દૂધ, સાકર, મધ, દહીં, ઘીનો સમાવેશ હોય છે. પ્રભુ પૂજા પંચામૃત વિના અધૂરી છે. તેવી જ રીતે આત્મવિશ્વાસ, મનોવિશ્લેષણ, પ્રામાણિક્તા, સારું સ્વસ્થ્ય અને તંદુરસ્ત મનરૂપી પંચામૃત વિના પરીક્ષામાં સફળતા અધૂરી છે. 'પરીક્ષાના પંચામૃત'નું આચમન કરીને પરીક્ષાના વર્ગખંડમાં પ્રવેશ કરશો તો ઉચ્ચ કક્ષાની સફળતા જરૂરથી પ્રાપ્ત કરી શકશો.

**- પરેશ શાહ, વડોદરા**
**મો. ૯૨૨૭૧ ૦૪૮૯૬**
બોર્ડ કાઉન્સિલર
(માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ)

## SEBORRHEIC DERMATITIS



- Seborrheic dermatitis એટલે શું ?

Seborrheic dermatitis એક પ્રકારનું ખરજવું છે. જેમાં માથાની ચામડીમાં અને ચહેરા અને કાનની અંદરની બાજુએ લાલાશ, પીળાશથી કથ્થાઈ પડતા પોપડાં અને ખંજવાળ થઈ શકે છે.

- Seborrheic dermatitis શેના કારણે થાય છે ?

આ તકલીફનું ચોક્કસ કારણ તો નથી પણ અમુક પરિબળો જવાબદાર કહી શકાય જેમ કે :

- એક પ્રકારનો ફૂગનો ચેપ Malessezra
- તૈલીય ચામડીનો પ્રકાર

(ચામડીના ત્રણ પ્રકાર હોય – સૂકી, તૈલીય અને મિશ્ર–એમાં તૈલીય પ્રકારમાં થવાની વધુ સંભાવના છે.)

- આ તકલીફ વારસાગત હોઈ શકે છે

સંપૂર્ણપણે વારસામાં ઉતરે એ જરૂરી નથી, પણ હા – કુટુંબમાં હોય, તો કાળજી લેવી હિતાવહ છે.

- Healthy scalp માટે શું કરવું જોઈએ ?

તંદુરસ્ત અને ચોખ્ખા વાળ માટે ચોખ્ખી માથાની ચામડી ખૂબ જરૂરી છે. એટલે જ, hair styling જેમ કે straightening કે perming બને તેટલું માપમાં કરવું. વધુ પડતાં hair styling products જેમ કે serums કે sprays થી દૂર રહેવું. Hair styling કરતા પહેલાં heat protectant serum (જે વાળને ગરમ તાપમાનથી રક્ષણ આપે) તે ખાસ વાપરવું. આ થઈ પહેલી વાત. બીજી વાત તમારા hair combs કોઈ બીજા સાથે share કરવા નહીં. ત્રીજી વાત – scalp એટલે કે માથાની ચામડીને ચોખ્ખી રાખવા Shampoo કરવું ખૂબ જરૂરી છે. The right balance is important here એટલું વધુ shampoo ન કરવું કે ચામડી અને વાળ સુકાં કે રુક્ષ થઈ જાય. પણ તૈલીય કે ચીકણાં રહી જાય એ પણ ના થવું જોઈએ. ટૂંકમાં, seborrheic dermatitis ના નિદાન અને સારવાર માટે તમારી નજીકના ચામડીના નિષ્ણાંતને અચૂક મળો.

– ડૉ. ફોરમ અમિષ પરીખ, વડોદરા
મો. ૯૪૦૮૧ ૮૬૯૩૬
એમ. ડી. (ચામડીના રોગના નિષ્ણાત)

# ચાલો જઈએ વાયડ...

૨૦૨૫ના વાયડ સંઘ દરમ્યાન વાયડ સંકુલ ખાતે બુધવાર, ચૈત્ર સુદ પાંચમ, તા. ૨ એપ્રિલના સાંજે ૭–૦૦ થી ૯–૩૦ દરમ્યાન તથા ગુરુવાર, ચૈત્ર સુદ છઠ, તા. ૩ એપ્રિલના રોજ સવારે ૧૧–૦૦ થી ૧૨–૩૦ દરમ્યાન શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ વાવ્યાસેટના નેજા હેઠળ વાયડ સંસ્થાન ટ્રસ્ટ તથા સ્થાનિક જ્ઞાતિઓના સંયુક્ત ઉપક્રમે સુંદર સાંસ્કૃતિક તથા સન્માન કાર્યક્રમોનું આયોજન થવા જઈ રહ્યું છે.

કાર્યક્રમોને નયનરમ્ય તથા ગુણવત્તાસભર બનાવવા માટે જ્ઞાતિજનોની સ્પોન્સરશિપ્સ આવકાર્ય છે. સર્વે જ્ઞાતિજનોને તન મન ધનથી આગ્રહપૂર્વક સહભાગી થવા અનુરોધ છે.

આ અંગે વાયડ ખાતે એક અથવા વધુ રાત્રીના રોકાણની વ્યવસ્થા અંગે સંસ્થાનના નિયુક્ત ચોકીઓના અધિકારીશ્રીઓ અથવા એ. સી. મેજિસ્ટ્રેટ હોલ, પહેલો માળ, પાટણ ચોકીમાં રાત્રી શયનની વ્યવસ્થા બાબતે તુષારભાઈ જે. શાહ મો. ૯૮૨૪૧ ૧૫૧૬૮ તથા સંસ્થાનની વ્યવસ્થાઓ બાબતે સેક્રેટરી શ્રી અજયભાઈ એ. પરીખ મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩નો સંપર્ક કરવા વિનંતી છે.

: આમંત્રકો :

ધીરેનભાઈ કે. પરીખ, પ્રમુખશ્રી, વાયડા વણિક સેવા ટ્રસ્ટ

શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ, શ્રી વાયડા વણિક સંસ્થાન ટ્રસ્ટ

સ્થાનિક કારોબારીઓના સર્વે અધિકૃત સંચાલકશ્રી ઓએ સ્પોન્સરશિપ્સ અંગે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવો :

ધીરેનભાઈ કે. પરીખ, મો. ૯૮૨૫૦ ૦૯૫૧૯

વ્રજેશભાઈ એન. પરીખ, મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨

મેહુલભાઈ એસ. શાહ, મો. ૯૬૦૧૯ ૮૭૮૮૪

શરદભાઈ જે. પરીખ, મો. ૮૦૦૦૧ ૧૭૯૨૮

## VAYVASET સ્વાસ્થ્ય સહાય યોજના - ૨૦૨૫

ભારતનિવાસી વાયડા વણિક જ્ઞાતિજનોને સ્વાસ્થ્ય સહાય અર્થે ‘વાય્વાસેટ-હેલ્થ સપોર્ટ પ્રોગ્રામ (એચ.એસ.પી.) ૨૦૨૫’ અંતર્ગત નાણાંકીય સહાય કાર્ય ૧.૨.૨૦૨૫ થી શરૂ કરી રહ્યા છીએ.

આ સહાય મેળવવા માટે સહાયપાત્ર વાયડા વણિક વ્યક્તિનું પૂરું નામ, મોબાઈલ નંબર, સરનામું, વ્યક્તિગત માહિતી જેવી કે પરિવારની વાર્ષિક આવક, આધાર કાર્ડ, પાન કાર્ડ, ફોટા સાથેનો સહાય અરજી પત્ર, બેન્કની સેવિંગ્સ પાસબુકનો ચાલુ ખાતાનો ફોટો, ચેકબુકના કેન્સલ ચેકનો ફોટો, ભલામણ કરનાર સ્થાનિક કારોબારી સભ્ય ECM નું નામ અને મોબાઈલ નંબર વિગેરે વોટ્સએપ મેસેજથી પ્રમુખશ્રીને મોકલવાના રહેશે.

જ્ઞાતિના સર્ટિફાઈડ સ્થાનિક પ્રતિનિધિ ઈસીએમ (ECM) દ્વારા તપાસ તથા ભલામણ બાદ જ્ઞાતિ સંસ્થાની સબ કમિટી, જરૂરતમંદ જ્ઞાતિજન સાથે વાતચીત બાદ પાત્રતા પ્રમાણે યોગ્ય સમયે યોગ્ય સહાયનો ચેક તેમના બેન્ક ખાતે અમદાવાદની બેન્કમાં ભરાવી શકે છે.

આ સહાય અંગેની સર્વ વિગતો ગુપ્ત રાખવામાં આવશે અને જે તે ઈસીએમ (ECM) ને પણ ગુપ્તતા અંગે વચનબદ્ધ કરાશે તથા જ્ઞાતિસંસ્થાના નીતિ-નિયમો અને ધારા-ધોરણોને આધારે પ્રમુખશ્રીના અંતિમ નિર્ણયને આધીન રહીને સહાય બાબતે નક્કી કરવામાં આવશે.

- **ધીરેનભાઈ કે. પરીખ, પ્રમુખ**
**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**
મો. ૯૮૨૫૦ ૦૯૫૧૯ (WhatApp / msg only)

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જયશ્રી કૃષ્ણ.

## જ્ઞાતિનું ગૌરવ





આપણા વાયડામિત્રના ભૂતપૂર્વ તંત્રી અને વડોદરા જ્ઞાતિના અગ્રણી જ્ઞાતિજન કવિ–સાહિત્યકાર–વિવેચક–આત્મકથાકાર શ્રી હરીશ શાહ કે જેઓ જયંતોર્મિ સાહિત્ય સેવા ટ્રસ્ટના અધ્યક્ષ પણ છે અને ટ્રસ્ટી મંડળના તેમના ભાઈઓ અનુક્રમે અંબરીશ શાહ, રાજેશ શાહ, અક્ષય શાહ અને નંદ શાહ ગાંધીનગર ખાતે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની ઓફિસમાં આમંત્રિત કરવામાં આવ્યા હતાં. જ્યાં હરીશ શાહે પોતાના વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત થયેલ આઠ પુસ્તકો માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને ભેટ આપ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ વડોદરા સયાજીનગર ખાતે ૩૫ ઉચ્ચકોટિના સાહિત્યકારોની હાજરીમાં વિમોચન થયેલા એક સાથે આઠ પુસ્તકો કે જેમાં એક પુસ્તક અંગ્રેજી ભાષામાં હતું કે જે તેઓની આત્મકથા હતી અને બાકીના સાત પુસ્તકો ગુજરાતી ભાષાના હતા. તે એક વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત થયો હતો અને તેનું સર્ટિફિકેટ પણ મુખ્યમંત્રી સાહેબને બતાવવામાં આવ્યું હતું. આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબે ટ્રસ્ટને અને સૌ ટ્રસ્ટીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

– કિરણભાઈ શાહ
મંત્રી, વડોદરા વાયડા વણિક સમાજ

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

## ભાદરવા સુદ–૬ ને મહા વદ–૫ ચેરીટેબલ ટ્રસ્ટ

### સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. મંગુબેન પ્રાણલાલ પરીખ, સ્વ. લલીતાબેન મોહનલાલ પરીખ તથા સ્વ. મોહનલાલ અચરતલાલ પરીખના સ્મરણાર્થે, સ્વ. ગોમતીબેન અમરતલાલની દીકરી તથા સ્વ. અમરતલાલ રણછોડદાસ શાહના સ્મરણાર્થે, તેમના તરફથી મળેલ કાયમી ફંડમાંથી ...

**મહાપ્રસાદ (અમદાવાદ)**

સંવત ૨૦૮૧ના મહા વદ ૫ ને સોમવાર, તા. ૧૭–૨–૨૦૨૫

શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬–૦૦ કલાકે

મહાપ્રસાદનો સમય : સાંજના ૭–૦૦ કલાકે

સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર, અમદાવાદ–૩૮૦૦૦૭,
ટે. નં. ૨૬૬૩૦૫૭૧

હવનની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ભોજન–સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ–૬ ને મહા વદ–૫ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

ખાસ નોંધ : પરજ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો/દીકરીઓ પોતાના કુટુંબ સાથે આવી શકશે.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી સમાજ વણિક મહિલા મંડળ, અમદાવાદ
## શ્રીમદ્ ભાગવત સપ્તાહ ઉત્સવ
## (૨૫ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪)

આશરે એકાદ વર્ષ પહેલાં શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કર્યું ત્યારથી મનમાં સંકલ્પ કર્યો હતો કે ફરી વખત કથા શ્રવણ કરવી છે અને મહિલા મંડળ દ્વારા સૌ વૈષ્ણવોને પણ તેનો લાભ આપવો છે.

મંડળના સૌ કમિટી સખીઓની અનુકૂળતા પ્રમાણે ડિસેમ્બર મહિનાની અને પૂર્ણાનંદ આશ્રમ, નવરંગપુરા, અમદાવાદ સ્થળની પસંદગી કરવામાં આવી. પ્રભુકૃપાથી સોલા ભાગવત વિદ્યાપીઠના શ્રી ઉદયભાઈ શાસ્ત્રીજીની વક્તા તરીકેની અનુમતિ પ્રાપ્ત થઈ.

પ્રભુના આશીર્વાદ સાથે ૨૫મી ડિસેમ્બરે ઈશ્વરભુવન ચાર રસ્તાથી પોથી યાત્રા દ્વારા શુભારંભ કર્યો. સૌ બહેનોએ ભાવપૂર્વક શ્રી ભાગવતજીને શિર પર ધરી ઢોલ-નગારાના તાલે નાચતા નાચતા અનેરો આનંદ તથા ધન્યતા અનુભવી. શ્રી શાસ્ત્રીજી દ્વારા શ્રી ભાગવતજીની રચના તેનો મહિમા, તમામ સ્કંધનું વર્ણન, સંસ્કૃતના કંઠસ્થ શ્લોકો, રમુજભર્યા દૃષ્ટાંતો, જ્ઞાનસભર હૃદયસ્પર્શી વાણી તથા સરળ શૈલી સૌને માણવા મળી. શ્રી ભાગવતજીની સંપૂર્ણ અર્થ સભર સમજ આપી કથાનું શ્રવણ કરાવ્યું તે બદલ સૌ વતી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું તથા તેમને અને શ્રી ભાગવતજીને હૃદયપૂર્વકના વંદન કરું છું.

સાક્ષી પોથીજી પર બિરાજેલા શ્રી જયંતકુમાર શાસ્ત્રીજી દ્વારા સપ્તાહ દરમિયાન ૧૮ હજાર શ્લોકનું મનન-પઠન થયું. શ્રી ભાગવતજી તથા દેવી-દેવતાઓનું વિધિવત સ્થાપન, રોજ પૂજા-આરતી, શાસ્ત્રોક્ત પ્રણાલી મુજબ શ્રીમતી મીતાબેન પરીખ તથા ડૉ. રાકેશભાઈ પરીખ દ્વારા શ્રી ભાગવત પોથીજીનું સ્થાપન તથા વિધિવત વિસર્જન ખૂબ જ ભાવપૂર્વક કરાવવાથી સૌના હૃદય, મન તથા વાતાવરણ પણ પવિત્ર બન્યા તેમનો પણ સૌ વતી અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને વંદન કરું છું.

શ્રી ભાગવતજીના જ્ઞાન સત્ર દરમિયાન શ્રીકૃષ્ણ જન્મ ઉત્સવને સૌએ માણ્યો. સુંદર સજાવટથી કનૈયાને પારણામાં ઝુલાવી સૌ ભાવવિભોર થયા. શ્રીમતી

લીનાબહેન પરીખે મનોરથી બનવાનો લ્હાવો લીધો.

શ્રી ગિરિરાજની લીલા જાણતા હોવા છતાં તે લીલા ને વારંવાર સાંભળવાથી પ્રભુ માટેનો આશ્રય દૃઢ થતો જાય છે. અન્નકૂટ ઉત્સવની સજાવટમાં શ્રી ઠાકોરજીનો ઠાઠ, ગોપ-ગોપીઓ તથા પ્રભુને પ્યારા પશુ-પક્ષી વૃંદ, સમગ્ર સૃષ્ટિ તથા વૈષ્ણવો પ્રભુમય બન્યા હોય એવો અનેરો અનુભવ થયો. શ્રીમતી સ્મૃતિબહેન શાહે અને શ્રીમતી સોનલબહેન પરીખે મનોરથી બનવાનો લ્હાવો લીધો.

શ્રી રુકમણી વિવાહના પ્રસંગનું શ્રવણ કર્યું સાથે તેની સજાવટમાં ભવ્ય મહેલનું ચિત્ર, સુંદર ચોરી, કનૈયા તથા શ્રી રુકમણીજીનો ઠાઠ, ઢોલના તાલે નાચતાં-નાચતાં વર-વધુનું આગમન, વિધિવત સ્વાગત, ચોતરફ ફૂલહાર, ભક્તોના ઉમંગે પ્રસંગને જીવંત બનાવ્યો. શ્રીમતી રિયાનાબહેન પરીખ તથા શ્રીમતી સોનલબહેન શાહે મનોરથી બનવાનો લ્હાવો લીધો. શ્રીમતી રિયાનાબહેને અંતરના આનંદના ભાગરૂપે વૈષ્ણવોને શ્રી ડોંગરેજી મહારાજનું 'શ્રી ભાગવતજી સંક્ષિપ્ત કથા' પુસ્તક ભેટ આપ્યું. આ સાત દિવસનો અનુભવ એક અકલ્પનીય, આહ્લાદક, જીવનભર ન ભૂલી શકાય તેવો હતો.

મંડળના સભ્યો તથા અન્ય વૈષ્ણવજન દ્વારા સમગ્ર ઉત્સવ દરમ્યાન દાનનો પ્રવાહ વહેતો રહ્યો અને ઉત્સવની નાવડીને પાર ઉતારી આશરે રૂપિયા ૧,૮૧,૬૫૧/- નો દાનનો પ્રવાહ વહ્યો. જેમાં મુખ્ય રૂપે સોનલબહેન પરીખ ૨૧૦૦૦/-, સ્મિતાબહેન પરીખ ૧૫૦૦૦/-, મીતાબહેન પરીખ ૧૩૦૦૦/-, લતાબહેન પરીખ ૧૧,૧૦૦/- તથા અન્ય નાના-મોટા તમામનું યોગદાન રહ્યું. તમામ દાનેશ્વરીઓની ઉત્તમ લાગણી તથા ભાવના માટે મંડળ વતી સહૃદય આભાર માનું છું. સમગ્ર ઉત્સવને પોતાના આંગણે અનેરો પ્રસંગ હોય એ રીતે કમિટીની બહેનોએ ખૂબ જ તન મન ધનથી કાર્ય કર્યું તે બદલ તેમનો આભાર માનું છું. સપ્તાહ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ-સહકાર આપવા બદલ સૌનો આભાર. દરરોજ શ્રી ભાગવતજી તથા શ્રી શાસ્ત્રીજી માટે ફૂલની માળા જાતે જ બનાવીને અર્પણ કરી તે બદલ શ્રીમતી રીટાબહેન ડાકવાલાનો પણ આભાર માનું છું.

મંડળ દ્વારા અમુક ધનરાશિ ગૌશાળામાં ભેટ ધરવામાં આવી.

**મીતા પરીખ** — સંકલન તથા પ્રમુખ

**લીના પરીખ** — સેક્રેટરી

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.











ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.










શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ










નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.











સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

આ વર્ષે ચૈત્ર માસના સંઘનું આયોજન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

(૧) ૨૦૮૧, ચૈત્ર સુદ ૩ – ૪, તા. ૧-૪-૨૦૨૫, મંગળવારના રોજ સંઘ પાટણથી વાયડ જવા રવાના થશે.

(૨) ચૈત્ર સુદ-૬, તા. ૩-૪-૨૦૨૫ને ગુરુવારે નવચંડી હવન થશે. શ્રીફળ સાંજે ૬-૦૦ વાગે હોમાશે

(૩) ચૈત્ર સુદ-૮, તા. ૫-૪-૨૦૨૫ને શનિવારે સંઘ બપોર પછી પરત ફરશે.

## ઉછામણી

(૧) ચૈત્ર સુદ-૪ને રાત્રે જમવાના સમયે ચૈત્ર સુદ-૪ની રાતની માતાજીની આરતી અને ચૈત્ર સુદ-૫ની સવારની આરતીની ઉછામણી બોલાશે.

(૨) ચૈત્ર સુદ-૫ને રાત્રે જમવાના સમયે નીચે પ્રમાણે ઉછામણી બોલાશે.

- ચૈત્ર સુદ-૫ની રાતની માતાજીની આરતી
- ચૈત્ર સુદ-૬ની સવારની આરતી
- ચૈત્ર સુદ-૬ હવનમાં બેસવાની ઉછામણી
- ચૈત્ર સુદ-૬ ધ્વજા દંડ ચઢાવવાની ઉછામણી

હવનમાં બેસવાની ઉછામણી ૧૧,૦૦૦/- થી શરૂ થશે.

- ચૈત્ર સુદ-૬ના હવનમાં બેસવાના બીજા દંપતિની ચીઠ્ઠીઓ ચૈત્ર સુદ-૫ની રાત્રે જમ્યા પછી સંસ્થાની ઓફીસમાં થશે. જેઓની ઇચ્છા હોય તેમને અગાઉથી ઓફીસમાં નામ લખાવી જવા. ન્યોછાવર ૭૫૦૦/- રાખેલ છે. જે જ્ઞાતિજનનું નામ ચીઠ્ઠીમાં આવશે તેમણે પાંચ વર્ષ સુધી ફરીથી ચીઠ્ઠીમાં નામ લખાવવાનું રહેશે નહીં.
- ચીઠ્ઠીમાં નામ આવનાર જ્ઞાતિજનના પુત્ર અથવા પુત્રી હવનમાં બેસી શકશે.
- બાકીની આરતીઓ તથા વરઘોડાની ઉછામણી હવનના સમયે સાંજે ૫-૦૦ વાગે યજ્ઞ મંડપ પાસે થશે.

## સંસ્થાની મિટિંગ

વાયડ સંસ્થાની મિટિંગ સંઘ દરમ્યાન તા. ૩-૪-૨૦૨૫ને ગુરુવારે ચૈત્રસુદ-૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સંસ્થાની ઓફીસે (વાયડ મુકામે) મળશે. સર્વે ટ્રસ્ટીશ્રીઓને સવારે ૧૧-૦૦ કલાકે મિટિંગમાં હાજરી આપવા વિનંતી છે.

## ગાદલાની વ્યવસ્થા

સંઘ દરમ્યાન ગાદલાની વ્યવસ્થા નીચે પ્રમાણે કરવામાં આવી છે. જે જ્ઞાતિજનોને ગાદલાની જરૂરિયાત હોય તેમને તા. ૧૫-૩-૨૦૨૫ પછી નીચેના સરનામે ગાદલા નોંધાવવા.

ગાદલાના એક સેટનું ભાડુ રૂ. ૭૦/- રાખેલ છે.

સરનામુ : અશોકભાઈ આર. પરીખ ૩૮, મલ્હાર ગ્રીન બંગ્લોઝ, કાળકા માતા રોડ, પાટણ. મો. ૯૯૭૯૨ ૯૮૭૬૧

## શ્રી વાયડ માતાજીમાં આવેલ ભેટ

- પરીખ અશ્વીનકુમાર કૃષ્ણલાલ (કડીવાળા) હાલ અમદાવાદ, પરીખ અનીલાબેન અશ્વીનકુમાર તરફથી ૧,૦૦,૦૦૦/- સંસ્થાને ભેટ મળેલ છે.

| | |
|---|---|
| શશાંકભાઈ આઈ. શાહ | અજય અરવિંદભાઈ પરીખ |
| (પ્રમુખ) | (મંત્રી) |
| | (મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩) |



અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## મુંબઈ કચ્છી વાયડા સમાજ

### શ્રદ્ધા, આનંદ અને સહકારની અવિસ્મરણીય દ્વારકા યાત્રા

મુંબઈ કચ્છી વાયડા સમાજ કારોબારીના સભ્યોની મીટિંગ પ્રમુખશ્રી અનીશ ભાઈના ઘરે મળેલ તેમાં જાહેરાત કરી કે આપણે નાથદ્વારા કે દ્વારકાની યાત્રા ગોઠવીએ, જેમાં બધાએ દ્વારકા જવા માટેની સહમતી આપી. મુંબઈ, પુના, કોલ્હાપુર, વડોદરા, રાજકોટ અને જામનગરથી લગભગ ૧૦૦ની આસપાસ મેમ્બર્સના નામ આવ્યા. આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલ તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ આવી ગઈ. સૂચના આપ્યા મુજબ રાત્રે ૧૦:૩૦ વાગ્યે બધા બાંદ્રા રેલ્વે સ્ટેશને ભેગા થયા.

અમારો ખૂબ અપેક્ષિત દ્વારકા પ્રવાસ શરૂ થયો અને યાત્રીઓ હૃદયમાં ઉત્સાહ સાથે સૌ રેલગાડીમાં બેઠા. બીજે દિવસે તારીખ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના ટ્રેન જામનગર પહોંચી.

**પ્રથમ દિવસ : ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ – આગમન અને શયન દર્શન**

સવારે અમદાવાદ સ્ટેશન ઉપર સૌએ નાસ્તાની મજા માણી તેમજ બપોરે રાજકોટ સ્ટેશન ઉપર ભોજનનો આસ્વાદ માણ્યો. બધાને ખૂબ જ મજા પડી ગઈ. ટ્રેન લગભગ બપોરે ૨–૩૦ વાગે જામનગર પહોંચી. જ્યાં વ્યવસ્થાપકોએ અમને રિસોર્ટ લઈ જવા માટે બે બસોની વ્યવસ્થા કરી હતી. ત્યાંથી અમારે દ્વારકાના બાપુ રિસોર્ટ પહોંચવાનું હતું. બસની સફર દરમિયાન લોકોએ ભજન તેમજ અંતાક્ષરીની મજા માણેલ. લગભગ સાંજે ૬:૩૦ વાગે રિસોર્ટ પહોંચી ગયા અને ત્યાં બધાનું સ્વાગત થયું. રાત્રે મનપસંદ કાઠિયાવાડી ભોજનની લહેજત માણી. રાત્રે ૯:૦૦ વાગ્યે, અમો સૌ પ્રખ્યાત દ્વારકાધીશ મંદિરમાં શયન દર્શન માટે ગયા. સુંદર દર્શનથી યાત્રીઓના મનમાં શ્રદ્ધા અને શાંતિનો અહેસાસ થયો અને લોકોએ ઉત્સાહપૂર્વક દર્શનનો લાભ લીધો. રાત્રિ હાસ્ય, રમતો અને આનંદમય પ્રવૃત્તિઓથી ભરપૂર રહી

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

## બીજો દિવસ : ૨૧ ડિસેમ્બર ૨૦૨૪
## સુર્યોદય, મંદિરો અને સાહસિકતા

નજીકના દરિયા કિનારે સવારે ૬.૦૦ વાગ્યે સૂર્યોદય નિહાળવા ગયા અને પરત ફરતા સ્વાદિષ્ટ નાસ્તાનો આસ્વાદ માણ્યો. સવારે ૯.૦૦ વાગ્યે, સૌ યાત્રીઓએ બેટ દ્વારકા માટે પ્રસ્થાન કર્યું. દર્શન પછી બધા યાત્રીઓએ પટેલ વાડીમાં સ્વરૂચિ ભોજનનો આનંદ લીધો. ત્યાંથી, બધા ચાલતા ચાલતા પ્રખ્યાત ભડકેશ્વર મહાદેવ મંદિરે ગયા.

આગામી સ્થળ હતું– સુંદર શિવરાજપુર બીચ. જ્યાં ઘણા સભ્યોએ સ્પીડ બોટ, ડ્રાઈવિંગ, સ્કૂબા ડાઈવિંગ, પેરા ગ્લાઈડીંગ અને અન્ય વોટર સ્પોર્ટ્સ નો પણ આનંદ લીધો. અરબી સમુદ્રની પ્રકૃતિની શોભા સૌએ માણી. સાંજે ૬.૧૫ વાગ્યે સૌ પ્રવાસી બીચથી નીકળી રિસોર્ટ પર પરત ફર્યા. રાત્રે રિસોર્ટ પર, સંગીત સાથે રાસ ગરબાનું આયોજન કરેલ જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## ત્રીજો દિવસ : ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ – રિલાયન્સ ગ્રીન્સ

પ્રવાસના અંતિમ દિવસના સવારે ૯:૩૦ વાગે બસમાં નીકળી સૌ યાત્રીઓએ રિલાયન્સ ગ્રીન્સની મુલાકાત લીધી. જે શ્રી અનીશભાઈના વિશેષ આયોજનથી શક્ય બની. ત્યાંનો ભવ્યાતિભવ્ય પ્રવાસ રાધા–કૃષ્ણ મંદિરેથી શરૂ થયો. ત્યાર બાદ લાખીબાગના વિશાળ આંબાના બગીચાનો આનંદ માણ્યો, જ્યાં ૧૫૦ જાતના આંબાની ખેતી થાય છે. આંબા ખેતરોની મેનેજમેન્ટ ટીમે ખેતરોમાં આંબાની વિવિધ પ્રજાતિઓની ખેતીમાં અનુસરવામાં આવતી પ્રક્રિયા વિશે સમજાવ્યું.

બપોરે રિલાયન્સના પરિસરમાં ભોજન વ્યવસ્થા કરેલ ત્યાં બધાએ સ્વાદિષ્ટ ભોજનની મજા માણી. પછી ઓડિટોરિયમમાં રિલાયન્સ રીફાઈનેરી કોમ્પ્લેક્સ અને વંતારા એનિમલ સેંટર પર શોર્ટ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ જોઈ. જે ખુશીમાં ઉમેરા જેવી હતી. રિલાયન્સ ટીમે અમારા માટે તેમની વિશિષ્ટ એક્વેરિયમ ખોલ્યું જે હજી સુધી જાહેર જનતા માટે ખુલ્યું નથી. આ અદભૂત અનુભવથી સૌ ગદગદિત થઈ ગયા.

અંતે અમે નવા શોપિંગ મોલની મુલાકાત લીધી અને થોડી ખરીદી પણ

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

કરી. જામનગર સ્ટેશન તરફ જતા માર્ગમાં અમે બાલા હનુમાન મંદિર માં દર્શનનો લાભ લઈ ૭.૦૦ વાગ્યે જામનગર સ્ટેશન ઉપર પહોંચી ગયા.

## એક સુંદર સમાપ્તિ

આ યાત્રા શ્રદ્ધા, અભ્યાસ અને સહકારથી ભરેલી હતી. જે દરેકને ચિરંજીવ યાદગાર ક્ષણો આપી ગઈ. રાત્રે ૮:૧૫ વાગે ટ્રેન જામનગરથી મુંબઈ જવા માટે રવાના થઈ સાથે જ અમે અનીશભાઈના સાથી મિત્ર શ્રી ધર્મેન્દ્રભાઈનો પણ ખાસ આભાર માનવા માંગીએ છીએ કે જેઓ અમારી સફરને એક સુખદ અનુભવ બનાવવા માટે અંત સુધી સતત અમારી સાથે હતા. અંતમાં ખુબ જ ઓછા સમયમાં ઘણું બધું જોઈ શકવાનો આનંદ બધાને હતો અને આવા આનંદમય પ્રવાસોને ફરી માણવાની અપેક્ષા રાખીએ છીએ.

– મુંબઈ કચ્છી વાયડા સમાજ કારોબારી સમિતિ

A 25 year old girl, 5’4” tall, residing in Ahmedabad, with degree in Electronics & Communication engineering and working as a backend developer in an IT Company, is looking for well educated and suitable match

Contact person : Akshayaben Shah

M. 97142 14543



## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ
## યાત્રા કલબ આયોજિત
### બનારસ-અયોધ્યા-પ્રયાગરાજ-અડેલ-ચરણાટ પ્રવાસ
### ૪ જાન્યુઆરી, ૨૦૨૫ - ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫

આ પ્રવાસમાં ૪૪ જ્ઞાતિજનો જોડાયા હતાં. જેમાં ૧૮ ભાઈઓ અને ૨૬ બહેનો સામેલ હતા. ૪, જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ ટ્રેનમાં રવાના થયાં. ૫, જાન્યુઆરી ૨૦૨૫ના રોજ બપોરે ૩-૩૦ વાગે બનારસ સ્ટેશન પહોંચ્યા.

બનારસ સ્ટેશને ટ્રેન થંભી ત્યારે વિચારોની ગતિ તેજ હતી. વર્ષોથી દિમાગમાં સ્વપ્નની જેમ ભરી રાખેલું શહેર આજે સાકાર થવાનું હતું. આશ્ચર્ય! જે રીતે માહિતી મળી હતી કે પુષ્કળ ભીડને કારણે દર્શન કરવામાં ઘણો સમય લાગે છે પણ રાત્રે આઠ વાગે ભીડ જ નહીં. માત્ર પંદર મિનિટમાં દર્શન થયા. કેમ્પસમાં આવેલ અન્ય મંદિરોના દર્શનનો લાભ મળ્યો. તે જ વખતે ૮-૩૦ વાગે સાયં આરતી શરૂ થઈ. વિશાળ સ્ક્રીન પર આરતીના સાક્ષી બન્યા. ગર્ભગૃહમાં નવ બ્રાહ્મણો આરતી ઉતારતા હતા. આરતી વખતે શિવજી સાક્ષાત હોય છે.

કાશી, વારાણસી, બનારસ-ત્રણ નામોથી ઓળખાતું આ શહેર વિશ્વનું સૌથી પ્રાચીન શહેર છે. કાશી એટલે Shining-ચમક. ખરેખર આ શહેર ધાર્મિક ગતિવિધિથી તેજસ્વી રહ્યું છે. વરણ અને અસ્સી નદીના સંગમ પર શહેર વસ્યું તેથી વારાણસી નામ પડ્યું છે. અંગ્રેજોને ભારતીય નામનો ઉચ્ચારો બોલવામાં તકલીફ થતી હોવાથી તે બનારસ તરીકે ઓળખાયું. વારાણસી હિન્દુસ્તાનની આધ્યાત્મિક રાજધાની કહેવાય છે. તે city of lights તરીકે ઓળખાય છે. શહેરની જાહોજલાલીથી પ્રભાવિત થઈને ૧૧૯૪માં મહમંદ ઘોરી, ૧૫૦૫માં સિકંદર લોધી અને ૧૬૬૯માં ઔરંગઝેબે ધ્વંસ કર્યું. ઔરંગઝેબે ૧૬૭૮માં તે જગ્યાએ જ્ઞાનવાપી મસ્જિદ બનાવી પરંતુ ઈન્દોરના અહલ્યાબાઈ હોલકરે ૧૭૮૦માં તેની બાજુમાં ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું.

બનારસ કરોડો લોકોની આસ્થાનું પ્રતીક છે. પ્રતિદીન ૪૦,૦૦૦ ભક્તો

દર્શનાર્થે આવે છે. બાર જ્યોતિલિંગમાં આનું મહત્વ વિશેષ છે. ૫.૩ લાખ સ્કેવર ફીટમાં ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તેનો વિકાસ થયો છે. ડિસેમ્બર ૨૦૨૧માં શ્રી કાશી વિશ્વનાથ કોરીડોર પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન થયું, જેમાં ઘણા ઘાટોને મંદિર સાથે જોડી દીધા હતાં. બીજે દિવસે ૬-૧-૨૦૨૫ની સવારે પ્રાચીન બનારસની સાંકડી ગલીઓમાં ત્રણ પુષ્ટિમાર્ગીય બેઠકોના દર્શન કરવા ગયા તેમ જ સાથે સાથે મુકુંદરાયજીની હવેલીમાં દર્શન કર્યા. મુકુંદરાયજીનું સ્વરૂપ એટલું નાનું છે કે પાનના બીડામાં સમાઈ જાય જે નાથદ્વારાથી અહીં આવ્યું છે.

બપોર બાદ ક્રૂઝ દ્વારા નવા નિર્માણ પામેલા નમો ઘાટ ઉપરથી ૮૪ ઘાટો નિહાળવા ગયા. ૮૪ ઘાટ મનુષ્યની ૮૪ લાખ યોનિમાં જન્મ-મરણના ફેરાનું પ્રતીક છે. દશશ્વમેધ ઘાટ, મણિકર્ણિકા ઘાટ, હરિશચંદ્ર ઘાટ, પંચગંગા ઘાટ, અસ્સી ઘાટ, પ્રહલાદ ઘાટ જેવા ૮૪ ઘાટકોની સફર કરી. દશશ્વમેધ ઘાટ પાસેથી પસાર થતાં આપોઆપ હાથ જોડાઈ જાય અને આંખો મિંચાઈ જાય. ગંગાજીનું વહેણ જાણે વ્યક્તિની અંદરથી પસાર થઈ રહ્યું હોવાની અનુભૂતિ થઈ. કેટલાક લોકો કડકડતી ઠંડીમાં ડૂબકીઓ લગાવી રહ્યા હતા. કેટલાક માણસો પડિયામાં દીવો પ્રગટાવતા હતા. આવા અસંખ્ય દીવા તરતા હતા. સામે મણિકર્ણિકા ઘાટ પર કોઈનો નશ્વર દેહ પંચમહાભૂતમાં ભળી જતો હતો. અહીં અગ્નિ ક્યારેય બૂઝતો નથી.

એક શહેર તમારા હૃદયમાં ભરાઈ જાય અને તમારામાં વસી જાય આવું બધા શહેરોમાં થતું નથી. આ શહેરને આત્મસાત કરવા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ત્રણે કક્ષાએ પહોંચવું જરૂરી છે.

સાંજે ૬-૩૦ વાગે દશશ્વમેધ ઘાટ અને અસ્સી ઘાટ પર દૂરથી ઘંટનાદ સંભળાય છે. પીતાંબર અને રેશમી કૂર્તામાં સજ્જ આઠ બ્રાહ્મણ એક સાથે આરતીની શરૂઆત કરે છે. આ અદભૂત વાતાવરણના સાક્ષી માણસ ભાગ્યશાળી હોય તો જ પામે. હોડીમાં બેસીને ગંગાજીના ઘાટના દર્શન બનારસ શહેરની અનુભૂતિ કરાવે છે. બનારસ શહેરમાં માણસના ચહેરા નહીં, મનુષ્યની ભીતરનો ભાવપ્રદેશ જોવાની ક્ષમતા કેળવવી પડે. આ એક લા-જવાબ શહેર છે. પ્રાચીન અર્વાચીનના સમન્વય પર ઊભેલું આ શહેર દરેક પ્રવાસીને કશુંક શોધ્યાનો, કશુંક

મેળવ્યાનો સંતોષ કરાવે છે.

ક્રુઝ પર વળતાં જ્ઞાતિજનોએ ગરબા ગાયા. આજુબાજુની હોડીવાળાઓ પણ તેને નિહાળતા હતા. ક્રુઝનો અદભુત આનંદ મેળવીને જ્ઞાતિજનો પરત ફર્યા.

ત્રીજે દિવસે ૭-૧-૨૦૨૫ના રોજ સવારે જ્ઞાતિજનો ચરણાટ જવા રવાના થયા. ચરણાટ (મૂળ નામ ચુનાર) ગુંસાઈજીનું પ્રાગટ્યસ્થળ છે. આ એક માત્ર બેઠકજી છે જ્યાં મહાપ્રભુજીની ગોદમાં ગુંસાઈજી બિરાજે છે. ઉપરાંત જે જગ્યાએ ગુંસાઈજીનો જન્મ થયો હતો તે સ્થાન નિહાળીને જ્ઞાતિજનો ધન્ય બની ગયા. ચરણાટ ગુપ્ત વૃંદાવનના નામે પણ જાણીતુ છે.

ચોથા દિવસે તા. ૮-૧-૨૦૨૫ના રોજ સૌ પ્રથમ અડેલ જવા નીકળ્યા. અહીં ગોપીનાથજીનું પ્રાગટ્ય થયું હતું. મહાપ્રભુજીનું આ નિજધામ છે. અહીં તેઓ ૨૮ વર્ષ રહ્યા હતા. અહીં મહાપ્રભુજીના છ લાલનું પ્રાગટ્ય થયું હતું. પરંતુ બે જ બેઠક ગોપીનાથજી અને યદુનાથજીની પ્રગટ છે. અડેલમાં મહાપ્રભુજીના માતા ઈલ્લમાગારુજીને સ્વયં નવનીતપ્રિયજીએ બ્રહ્મસંબંધ કરાવ્યા હતા. માતાજીએ નવનીતપ્રિયજીને મોતીની માળા ભેટ ધરી હતી જે આજે પણ નાથદ્વારામાં નવનીતપ્રિયજીને ધરાવવામાં આવે છે. સર્વોત્તમ સ્રોત અને પુરુષોત્તમ સહસ્રનામની અહીં રચના થઈ હતી. ત્યાંથી પ્રયાગરાજ જવા નીકળ્યા. અહીં ત્રિવેણીસંગમનો લાભ મળ્યો. ગંગા-યમુના-સરસ્વતી (ગુપ્ત) જ્યાં મળે છે તે સંગમ સ્થાનમાં હોડી દ્વારા જ્ઞાતિજનોને નદીના અંદરના ભાગમાં જવાનો મોકો મળ્યો. ગંગાજીનું આચમન કરી, દર્શન કરી, સંગમના સાક્ષી બન્યા. ત્યાંથી અયોધ્યા જવા રવાના થયા.

પાંચમા દિવસે ૯-૧-૨૦૨૫ના રોજ રામજન્મભૂમિ - મંદિરના VIP દર્શનનો લાભ મળ્યો. છેલ્લા ત્રણ માસથી જ્ઞાતિના મંત્રી કિરણભાઈ શાહ તેમના અંગત સંબંધો દ્વારા ઉત્તરપ્રદેશના ગવર્નર આનંદીબહેન પટેલના અંગત મદદનીશના સંપર્કમાં હતા. અંતે આ આયોજન સફળ રહ્યું હતું. ગવર્નર ઓફિસના આદેશથી, અયોધ્યાના પોલીસ કમિશ્નરની સૂચનાથી, એક પોલિસ ઓફિસર સ્પેશ્યલ ડ્યૂટી તરીકે જ્ઞાતિજનો સાથે રહ્યા હતા અને પાછળના VVIP દરવાજેથી મંદિરેથી માત્ર ૫૦ મીટરના અંતરે ચાલીને મંદિર સુધી પહોંચ્યા હતા. દરેક જ્ઞાતિજનને શાંતિથી

દર્શનનો અને નવનિર્મિત રામમંદિર જોવાનો અલૌકિક લાભ મેળવ્યો. આ પહેલા હનુમાનગઢીના દર્શન કર્યા હતા.

અષ્ટકોણીય રામમંદિર પૂર્વ-પશ્ચિમ દિશામાં ૨૫૦ ફૂટ પહોળું, ૩૮૦ ફૂટ લાંબુ અને ૧૬૧ ફૂટ ઊંચું છે. રામની મૂર્તિની નીચે જ રામલલ્લાની મૂર્તિ છે. જેના દર્શન અવશ્ય કરવા જોઈએ. તાજમહેલ કરતાં પણ વધુ પ્રવાસીઓ અહીં આવે છે. છેલ્લા એક વર્ષમાં બે કરોડ ભાવિકો રામમંદિર પધાર્યા હતા. મૈસૂરના શિલ્પકાર અરૂણ યોગીરાજે બસો કીલો વજનની કાળા પથ્થરમાંથી રામની પ્રતિમાનું નિર્માણ કર્યું છે. જોગાનુજોગ હિન્દુ પરંપરા પ્રમાણે ૧૧ જાન્યુઆરીએ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનું એક વર્ષ પૂર્ણ થતું હોવાથી મહાઉત્સવનું આયોજન હતું. તડામાર તૈયારીઓ ચાલતી હતી. ઉપરના માળે રામદરબારની પ્રતિષ્ઠા થવાની હતી. સમગ્ર કેમ્પસ ૭૦ એકરમાં ફેલાયેલું છે. ત્યાંથી દશરથ મહલ, કનક મહલ, લતા મંગેશકર ચોક નિહાળ્યા. અયોધ્યા બેઠકજી ના દર્શન કર્યા. બેઠકજી સરયૂ નદીની નજીક છે. અહીં મહાપ્રભુજીએ હનુમાનજીને રામસ્વરૂપે દર્શન કરાવ્યા હતા. સાંજે નવનિર્માણ પામેલા સરયૂ ઘાટની સાંજની આરતીના સાક્ષી બન્યા.

૧૦-૧-૨૦૨૫ના રોજ જ્ઞાતિજનોએ નૈમિષારણ્ય અને છપૈયા જવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. નૈમિષારણ્ય એક અલૌકિક સ્થાન છે. તેનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ છે. નૈમિષ્યારણ્યનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતમાં છે. આ ૮૪ કોષની પવિત્ર ભૂમિવાળું સ્થાન છે. ભાગવત મહાત્મયની શરૂઆતમાં જ શુકદેવજી નૈમિષ્યારણ્યનો ઉલ્લેખ કરે છે. વિષ્ણુ ભગવાને નિમિષમાત્રમાં(આંખનો પલકારો)અસંખ્ય અસુરોનો વધ કરીને આ સ્થાનને ઋષિમુનિઓ માટે તપ અને ધ્યાન માટે સુરક્ષિત બનાવ્યુ હતું તેથી તેનું નાામ નૈમિષારણ્ય પડયું. અહીં મહાપ્રભુજીના બેઠકજી છે જ્યાં જ્ઞાતિજનોએ ઝારી-ચરણસ્પર્શ કર્યા તથા શ્રીનાથજીની હવેલી છે જેના દર્શનનો લાભ લીધો.

ત્યાંથી છપૈયા જવા નીકળ્યા. આ સ્થાન સહજાનંદ સ્વામીનું જન્મ સ્થાન છે. અહીં ૧૭૮૧માં ઘનશ્યામ નામે તેમનો જન્મ થયો હતો. અહીં તેમના જન્મસ્થાન સહિત તેમણે ઉપયોગમાં લીધેલી વસ્તુઓનું સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યુ છે. છપૈયામાં સંધ્યા આરતીનો લાભ લઈને જ્ઞાતિજનો અયોધ્યા પરત ફર્યા.

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

૧૧-૧-૨૦૨૫ પ્રવાસનો છેલ્લો દિવસ હતો. ઘણા જ્ઞાતિજનો સવારે અયોધ્યાથી ૧૭ કિમી દૂર આવેલ નંદીગ્રામની મુલાકાતે ગયા. જ્યાં ભરત અને ભગવાન રામનું તેમજ ભરત અને હનુમાનજીનું અલૌકિક મિલન થયું હતું. ભરત અને હનુમાનજીના મિલનનું સાક્ષી વટવૃક્ષ છે. ભગવાન રામના વનવાસ દરમ્યાન ભરતે અયોધ્યાને બદલે નંદીગ્રામથી સિંહાસન પર ભગવાન રામની પાદુકા મૂકીને રાજ્યાશાસન કર્યું હતું અને પોતે જમીનથી ૪ ફૂટ નીચે ગુફામાં સૂતા હતાં. સમગ્ર વિસ્તાર ભરતકુંડના નામે જાણીતો છે. ત્યાંથી ગુપ્તાર ઘાટ ગયા જ્યાં ભગવાન રામે અંતિમ સમયે જળસમાધિ લીધી હતી. તેની સામે જ મંદિરનું નિર્માણ થયું છે.

સાંજે ૭-૧૫ વાગે સાબરમતી એક્સપ્રેસ દ્વારા રવિવારે, ૧૨-૧-૨૦૨૫ની રાત્રે ૧-૨૦ મિનિટે અમદાવાદ પહોંચ્યા. જ્ઞાતિજનો આ ભવ્ય ધાર્મિક પ્રવાસ હતો.

આ પ્રવાસનું આયોજન કિરણભાઈ શાહે કર્યું હતું. શ્રી વિજેશભાઈ, શ્રી પિયૂષભાઈ, શ્રી સુનિલભાઈ તેમજ શ્રી હિમાંશુભાઈનો ફાળો પ્રશંસનીય હતો. જ્ઞાતિ તરફથી પ્રવાસ પેટે રૂ. ૩૦,૦૦૦/-નું અનુદાન આપવામાં આવ્યું હતું. જે માટે જ્ઞાતિનો આભાર માનવામાં આવે છે. આ ઉપરાંત અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૪૩,૪૦૦/-નું અનુદાન મળ્યું હતું. જેમાં રૂ. ૩૫૦૦/- હરિવદનભાઈ શાહ, ૫૦૦૦ ઉમાંકાંતભાઈ પરીખ, રૂ. ૫૦૦૦/- સુભાષભાઈ શાહ, રૂ. ૫૫૦૦/- શોભનાબહેન સુનિલભાઈ શાહ, રૂ. ૫૧૦૦/- ગૌરીબહેન વ્યાસ, રૂ. ૨૧૦૦/- નિતિન સુરેશભાઈ શાહ, રૂ. ૬૩૦૦/- ઈન્દુબહેન જગતકિશોરભાઈ શાહ, રૂ. ૨૫૦૦/- પલ્લવીબહેન ચંદ્રિલભાઈ શાહ, રૂ. ૨૫૦૦/- અમીબહેન એમ. શાહ, રૂ. ૨૫૦૦/- નયનાબહેન મહેતા, રૂ. ૨૧૦૦/- કિર્તિદાબહેન દેસાઈ તેમજ રૂ. ૧૩૦૦/ - એક જ્ઞાતિજન તરફથી પ્રાપ્ત થયા હતા. આ તમામ જ્ઞાતિજનોનો આભાર માનવામાં આવે છે.

આ એક અવિસ્મરણીય પ્રવાસ હતો. પ્રવાસમાં ભાગ લેનાર જ્ઞાતિજનો લાંબા સમય સુધી તેની યાદોને વાગોળશે એ નિશ્ચિત છે.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

સ્વ. દિનેશભાઈ બાલુભાઈ પરીખ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. નવનીતલાલ નાનાલાલ પરીખ (પાટણ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# શબ્દવ્યૂહ - ૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | X | ૪ | X | ૫ | ૬ |
| ૭ | | X | ૮ | ૯ | | ૧૦ | | |
| | X | ૧૧ | | | X | ૧૨ | | X |
| X | ૧૩ | | | X | ૧૪ | | X | ૧૫ |
| ૧૬ | X | | X | ૧૭ | | X | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | X | ૨૧ | | | X | |
| ૨૨ | | X | ૨૩ | | X | X | ૨૪ | |
| X | ૨૫ | ૨૬ | X | ૨૭ | ૨૮ | | | X |
| ૨૯ | | | X | ૩૦ | | X | ૩૧ | |

**આડી ચાવી** :(૧) વેપાર રોજગાર, વાણિજ્ય–૪ (૫) દુનિયા, સૃષ્ટિ–૨ (૭) ટેવ, વ્યસન – ૨ (૮) અવસર; ઉત્સવનો દિવસ; સારો વાર કે પર્વ – ૬ (૧૧) આયનો; દર્પણ–૩ (૧૨) પરમેશ્વર–૨ (૧૩) હર્ષ; આનંદ–૩ (૧૪) લીન આસક્ત – ૨ (૧૭) સખત તડકો ક્રોધ–૨ (૧૮) ઘણું, પુષ્કળ–૨ (૧૯) આંખની કીકી–૩ (૨૧) સુંદર સ્ત્રી–૩ (૨૨) ગિરદી તંગી–૨ (૨૩) અમૃત–૨ (૨૪) અંગત; પોતીકું–૨ (૨૫) જુસ્સો; વેગ; જોર–૨ (૨૭) મહેક, ખુશ્બો–૪ (૨૯) બીક ; ભય–૩ (૩૦) એક અંગ્રેજી તોલ, ૫૬ મણ–૨ (૩૧) રક્ત–૨

**ઊભી ચાવી** :(૧) ટીલું –૩ (૨) નાત, જ્ઞાતિ–૨ (૩) ઇતિહાસ–૪ (૪) સંદેશો

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

પહોંચાડનારો, બાતમીદાર – ૨ (૫) ઉત્તર –૩ (૬) ફળની અંદરનો ગર્ભ–૨ (૯) અથાણા વગેરેનો મસાલાવાળો જાડો રસ–૨ (૧૦) નવાઈ, આશ્ચર્ય–૩ (૧૧) અભિલાષા, ઉમેદ; તીવ્ર ઇચ્છા–૪ (૧૪) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા–૩ (૧૫) મીઠું; નમક–૪ (૧૬) કામધેનું ગાય–૩ (૧૭) થોડો ઘણો માર મારી ધમકી આપવી તે–૫ (૨૦) તડો વચ્ચે સમાધાન; સલાહસંપ–૪ (૨૪) ચારપાઈ–૩ (૨૬) શંકા; વહેમ–૨ (૨૮) દિલ; ઇચ્છા–૨.

## શબ્દવ્યૂહ - ૫ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધ | રો | હ | ૨ | X | તી | X | દ | શા |
| મા | ન | તા | X | પા | ર | દ | ર્શ | ક |
| લ | X | શ | ક | ટ | X | વ | ન | X |
| X | ત | X | ડ | ણ | ક | X | X | હ |
| ભ | ર | ચ | ક | X | દ | ર | કા | ર |
| ભૂ | લ | X | બં | ડ | X | જ | X | ખ |
| તી | X | લ | ગા | ર | X | ત | રા | પ |
| X | દિ | વા | ળી | X | ફૈ | X | જા | દુ |
| સ | ન | દ | X | X | ત્ય | ક્તા | X | ડું |

## પરિણામ

**બધા ખરા :** (૧) દીપકભાઈ દલાલ, મુંબઈ (૨) પ્રેરણાબેન કે. પરીખ, મુંબઈ (૩) સ્મૃતિ આર. શાહ, અમદાવાદ (૪) અરૂણા એન. મહેતા, અમદાવાદ (૫) કિર્તીબહેન કે. શાહ, વડોદરા, (૬) રોહિત સી. પરીખ, વડોદરા (૭) ઈલાબેન પી. શાહ, પાટણ (૮) નવીનચંદ્ર ડી. ગાંધી, ભરૂચ-વડોદરા (૯) અશોકભાઈ આર. પરીખ, પાટણ (૧૦) મધુરી કિનખાબવાલા, અમદાવાદ (૧૧) પ્રફુલબેન જે. શાહ, અમદાવાદ (૧૨) રશ્મીબેન કે. શાહ, અમદાવાદ (૧૩) પ્રકાશચંદ્ર એન. શાહ, અમદાવાદ (૧૪) જયશીલ મારફતિયા, મુંબઈ (૧૫) માયાબેન યુ. પરીખ, અમદાવાદ

**૧ ભૂલ :** (૧) સુધાબેન આર. શાહ, અમદાવાદ (૨) ગીતાબેન પી. શાહ, અમદાવાદ (૩) પ્રીતિ પી. શાહ, ભૂજ (૪) પરિમલ એમ. પરીખ, અમદાવાદ

**૨ ભૂલ :** (૧) પ્રદીપ આર. શાહ, ભૂજ (૨) નીલા જે. મહેતા, મુંબઈ

**૩ ભૂલ :** (૧) માલીની બનાતવાલા, મુંબઈ (૨) હરેશ એમ. પરીખ, પાટણ

**નોંધ :** શબ્દવ્યૂહ-૬ના જવાબો વોટ્સએપ દ્વારા તા. ૨૫-૦૨-૨૦૨૫ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને મોબાઈલ : (૧) ૯૭૨૬૦ ૪૦૨૬૨ અથવા (૨) ૮૭૫૮૩ ૩૪૩૪૭ પર મોકલી આપવા. બપોરે ૧.૦૦ થી ૪.૦૦ સિવાય ના સમયે ફોન કરવો.

### શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

**વાયડ ટ્રાવેલ ફંડ (VTF)**

તા. ૧-૪-૨૦૨૫ના રોજ વાયડ સંઘમાં જવા માટે ૨ X ૨ એ.સી. બસના રૂ. ૬૦૦/- નક્કી કરેલ છે. જે જ્ઞાતિજન વાયડસંઘમાં આવવાની ઇચ્છા ધરાવતા હોય તેમણે તા. ૧-૩-૨૦૨૫ થી તા. ૧૫-૩-૨૦૨૫ સુધીમાં નામ નોંધાવવા વિનંતી છે.

**– નાનુભાઈ શાહ**

**સુજ્ઞ જ્ઞાતિજનો, જય શ્રી કૃષ્ણ,**

આપ જાણો છો તેમ 'વાયડામિત્ર'ના દિવાળી અંક સિવાયના અંક રૂ ૦.૫૦/–(૫૦ પૈસા)ની પોસ્ટલ ટીકીટ લગાવીને પોસ્ટ કરવામાં આવતા હતાં. જે જાન્યુઆરી, ૨૦૨૫ થી પોસ્ટલ ડિપાર્ટમેન્ટે કરેલા નિયમોમાં ફેરફારને કારણે રૂ ૨.૦૦/–(બે રૂપિયા)ની ટીકીટ લગાડીને પોસ્ટ કરવામાં આવે છે. આવનાર દિવાળી અંક પણ લગભગ રૂ ૮.૦૦/–(આઠ રૂપિયા)ની ટીકીટ સાથે પોસ્ટ કરવામાં આવશે. આમ, પોસ્ટેજ ખર્ચમાં નિયમીત વધારો થતો જશે. 'વાયડામિત્ર' માં અપીલ કરવામાં આવી હતી કે જે લાઈફ મેમ્બર (આજીવન સભ્ય)નું અવસાન થયેલ હોય તેમના પરિવારજનો તે સભ્યના નામે 'વાયડામિત્ર' બંધ કરાવે. આ અંગે સારો પ્રતિસાદ સાંપડયો છે. ઘણા જ્ઞાતિજનોએ અવસાન પામેલા સભ્યોના અંક બંધ કરાવ્યા છે જેથી ઘણા બિનજરૂરી 'વાયડામિત્ર' નો ખર્ચ ઘટાડી શકાયો છે.

આ અંગે અલગ અલગ શહેરોના હોદેદારો ની મદદ લેવામાં આવી હતી જેમાં પાટણ, ભરુચ, વડોદરા, ભૂજ, અમદાવાદ ના કાર્યકરોએ સારી કામગીરી કરેલ છે જે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

ફરી એક વખત સૌને અપીલ કરી રહયા છીએ કે કોઈ પણ આજીવન સભ્ય નું અવસાન થયેલ હોય તો તેની જાણ મને કરવી.

– તંત્રી

## Receipts Till Date : 25-11-2024

| R. No. | Person Name | Amout | Towards Which |
|---|---|---|---|
| 112 | Vatsalbhai Vrajeshbhai Parikh | 800 | Donation |
| 113 | J. K. Investment | 500 | Diwali Adv. |
| 114 | Harishbhai Ramjibhai Vayada | 3200 | Diwali+Panel Adv. |
| 115 | Manisha Trading Corporation | 2700 | Diwali Adv. |
| 116 | Ajitaben Hiteshbhai Shah | 6500 | Diwali+Panel Adv. |
| 117 | N. V. Parikh & Co. | 3000 | Diwali Adv. |
| 118 | Dhavalbhai Pravinchandra Parikh | 600 | Advertisement |
| 119 | Shobhanaben Sunilbhai Shah | 4400 | Diwali+Panel Adv. + Advertisement |

| | | | |
|---|---|---|---|
| 120 | Rakeshbhai Anubhai Shah | 3200 | Diwali+Panel Adv. |
| 121 | Sanjaybhai Chandrakant Parikh | 3200 | Diwali+Panel Adv. |
| 122 | Mehulbhai Sudhirbhai Shah | 1000 | Life Mem. Fees |
| 123 | Kunal Deisels | 1000 | Diwali Adv. |
| 124 | Nishitbhai Arvindbhai Parikh | 2101 | Adv.+Donation |
| 125 | Prakash Oil Industries | 2100 | Diwali+Panel Adv. |
| 126 | Ahmedabad Dasha Vayada Vanik Gnati | 600 | Advertisement |
| 127 | Rakshitbhai Dixitbhai Shah | 1001 | Life Mem. Fees |
| 128 | Niralbhai Devangbhai Shah | 1001 | Life Mem. Fees |
| 129 | Pankajbhai Ramanlal Parikh | 2100 | Diwali Adv. |
| 130 | Nikhilbhai Vinodchandra Parikh | 1000 | Diwali Adv. |
| 131 | Kashyapbhai Ketanbhai Parikh | 1001 | Life Mem. Fees |
| 132 | Rajeshbhai Jagdishchandra Shah | 1001 | Life Mem. Fees |
| 133 | Symmers Path Care | 600 | Advertisement |
| 134 | Shree Samiri Dyes & Chemicals | 2100 | Diwali Adv. |
| 135 | Himanshubhai Gunvantlal Shah | 600 | Advertisement |
| 136 | Ahmedabad Dasha Vayada Vanik Gati | 600 | Advertisement |
| 137 | Vijeshbhai Nagindas Shah | 1200 | Advertisement |
| 138 | Rachitbhai Ronakbhai Shah | 1000 | Life Mem. Fees |
| 139 | Techflow Enterprises Pvt. Ltd. | 5200 | Diwali+Panel Adv. |
| 140 | Comet Industries | 2200 | Panel Adv. |
| 141 | Rajendrabhai Shantilal Shah | 5100 | Donation |
| 142 | Hasmukhbhai Kantilal Shah | 500 | Diwali Adv. |
| 143 | NVP Consultants Pvt. Ltd. | 2100 | Diwali Adv. |
| 144 | Satva Masala | 2100 | Diwali Adv. |
| 145 | Sonalben Pradipbhai Parikh | 7400 | Diwali+Panel Adv. |
| 146 | Gauri Shah Brothers | 2100 | Diwali+Panel Adv. |
| 147 | Bhupendrabhai Champaklal Dalal | 1000 | Diwali Adv. |
| 148 | Vijay Enterprise | 2100 | Diwali+Panel Adv. |

**- VyavaSthapak**

**જલ્પા માસી અને વિરલ માસાને...** ***

**Memorable Date 3-2-2025**

સજાવો તમારું જીવન ખુશીઓથી
ફુલોની જેમ મહેક્તું રહે તમારું જીવન
તમારું જીવન હંમેશા પ્રેમભર્યું જ રહે
તમને મારી મીઠી નાનકડી દુનિયાની શુભેચ્છા
સમારોહ તો ઉજવણીનો એક જ દિવસ છે.
પરંતુ લગ્ન એ દરેક દિવસની ઉજવણી બની જાય છે.
અલગ અલગ કહેવાતા એ વ્યક્તિ આજથી દંપતિ બની જાય છે.
તમને તમારું મીઠું જીવન મુબારક
થઈ રહી છે એક નવા જીવનની શરૂઆત
વસી રહ્યો છે એક નવો જ ઘરસંસાર
અને આશા એવી જ રાખું
ક્યારેય ન ખૂટે તમારા મુખે ખુશીઓ અપાર
સાત ફેરા થયા અને વચનો લેવાયા
માથે સિંદૂર પુરાયો અને ગળે મંગળસૂત્ર પહેરાવાયું
કહેવાને તો થોડાક જ કલાકની વિધિઓ છે
પણ સાત જન્મોના બંધનને બાંધીને રાખે છે
લગ્ન એ ફક્ત અઢી અક્ષરનો શબ્દ છે
પણ સાત જન્મો સુધીના વચનો અપાય છે.
આ વાત છે રિવાજો અને સંસ્કૃતિની જેમાં તમે બંધાઈ ગયા છો
તમને તમારું મીઠું જીવન મુબારક
લગ્ન એટલે એક આત્માથી બીજી આત્માના લગ્ન

તમારું લગ્ન જીવન ખૂબ જ સફળ રહે એવી અમારી શુભકામનાઓ

**માહી હેમેન શાહ અને શ્રેયા હેમેન શાહ**
**(સોનલ કેક સ્ટુડિયો, લંડન)**

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

***

# સ્મરણાંજલિ





**સ્વ. ચંદ્રિલભાઈ નગીનદાસ શાહ**

**જન્મ તા. ૦૪-૦૯-૧૯૪૪ શ્રીજીચરણ : તા. ૧૫-૧૨-૨૦૨૪**

**માગસર સુદ પૂનમ**

આપનું અસ્તિત્વ આજે અમારી સાથે નથી પરંતુ આપનું નિખાલસ વ્યક્તિત્વ, નિર્મળ જીવન અને પરગજુ સ્વભાવ હરહંમેશ અમારા સ્મૃતિ પટલ પર અંકાયેલા રહેશે. આ વસમો આઘાત જીરવવાની ઈશ્વર શક્તિ આપે એવી પ્રાર્થના કરતાં અમે સૌ મિત્રો તેમના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

અંતે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે પલ્લવીબહેન તથા સર્વ પરિવારજનોને આઘાત સહન કરવાની શકિત આપે.

દિનેશ-પન્ના મીનાક્ષી-ચંદ્રક

ઉમાકાંત-માયા પ્રવીણ-નીતા

હરીશ-રક્ષા ચંદ્રેશ-દીના

નયન-શોભના

સ્વ. રતનલાલ ભેરુલાલ કશ્યપ (નાગપુર) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

## સ્મરણાંજલિ

***







**સ્વ. ચંદ્રિલભાઈ નગીનદાસ શાહ**

**જન્મ તા. ૦૪-૦૯-૧૯૪૪ શ્રીજીચરણ : તા. ૧૫-૧૨-૨૦૨૪**

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે
એ જ અમારા કુટુંબીજનોની પ્રાર્થના.

પલ્લવીબહેન ચંદ્રિલભાઈ શાહ

| | |
|---|---|
| મીનાબહેન ઉમેશભાઈ શાહ | ઉમેશભાઈ નગીનદાસ શાહ |
| દર્શનાબહેન અમૂલભાઈ શાહ | અમૂલભાઈ નગીનદાસ શાહ |
| સરલાબહેન વિજેશભાઈ શાહ | વિજેશભાઈ(નાનુભાઈ) નગીનદાસ શાહ |
| કલ્પનાબહેન કિરણભાઈ શાહ | કિરણભાઈ નગીનદાસ શાહ |
| ગીતાબહેન જયેશભાઈ શાહ | જયેશભાઈ નગીનદાસ શાહ |

પંક્તિ-વૈશાલી, અલ્પા-પરાગભાઈ, જય-આનલ, સૌમિલ-રીંકલ,
મેઘના-ચિંતનભાઈ, હેમલ-મિત્તલ, રોમા-ચિન્મયભાઈ, દિશીલ-નિશિદા,
સ્મિત-કૃતિ, આયુષ

દશ્યા-સાન્વી-યશ્વી-યશ-વિવાન-માનીલ-કાવ્યા-રીતિ-
પુષ્ટિ-વેદાંશ-જહાન-ચિત્રાંગી

*Best Wishes From*




# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
**Pharmaceutical Company**
**Since 2007**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai - Kokilaben Parikh**
**Harshul - Alpa, Mrugesh - Ratna**
**Bhrita - Aakar Choksi**
**Darsh - Ankita, Parita, Darshil,**
**Bakul - Nita Dalal**
**Meera - David Burns**
**Chinmay - Natasha Dalal**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296

પ્રકાશન ૧૦/૨/૨૦૨૫



ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,

અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

PRINTED BOOK FEBRUARY 2025

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh